૧. આ કામના **આરોપીઓ** સામે **ધી જુગાર ધારા કલમ ૧૨** મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે અને તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ સદર કલમ અન્વયેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે.

૨. આરોપી અત્રેની કોર્ટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. આરોપીને પુછતા તેઓએ સ્વૈચ્છીક રીતે ગુનાની કબુલાત કરેલ છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઈ, તે નહી માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીની કબુલાત ધ્યાને લઈ તેમને સજા અંગે પુછતા જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ, ઉપરોકત તમામ સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઈ જોતા ન્યાયના હિતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

આ કામના **આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૨ / ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૨૭૫** અન્વયે **ધી જુગાર ધારા કલમ ૧૨** મુજબના ગુના સબબ તકસીરવાર ઠરાવવામાં આવે છે અને **દરેક આરોપીને રૂા.૫૦૦/-** નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન-૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. **(કુલ દંડ રૂા.૧૫૦૦/-)**

કબ્જે કરેલ વેલ્યુએબલ મુદ્દામાલ બાબતે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે શરતો વિના કાયમ કરવામાં આવે છે અને જો વેલ્યુએબલ મુદ્દામાલ બાબતે કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો સદર મુદ્દામાલ બાબતે યોગ્ય ઈન્કવાયરી કરી તેના માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. જયારે મુદ્દામાલ રોકડ નાણાં (જો હોય તો) સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. નોન-વેલ્યુએબલ મુદ્દામાલ (જો હોય તો) નો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ઈ.ચા. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ(સીટી).

તા.૦૩/૦૫/૨૦૨૫.
અમદાવાદ.

Scanned with OKEN Scanner